સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુડીએફની સરસાઈ દરમિયાન,એનડીએ તિરુવનંતપુરમમાં સારું પ્રદર્શન કર્યું

રાજ્ય ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ નવીનતમ વલણો મુજબ, કુલ ૨૫,૬૧૧ વોર્ડમાંથી, કોંગ્રેસની આગેવાની હેઠળની યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ ૮૬૩૯ વોર્ડમાં આગળ છે

કોચ્ચી,

કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુડીએફે સરસાઈ હાંસલ કરી છે દરમિયાન, ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ તિરુવનંતપુરમમાં પોતાની લીડ જાળવી રાખી છે. ૧૧ અને ૧૩ નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન થયું હતું, જેમાં કુલ ૭૩.૫૭ ટકા મતદાન થયું હતું. આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે કેરળમાં રાજકીય પક્ષો અને ગઠબંધનો માટે સ્થાનિક ચૂંટણીના પરિણામો

મહત્વપૂર્ણ છે.

રાજ્ય ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ નવીનતમ વલણો મુજબ, કુલ ૨૫,૬૧૧ વોર્ડમાંથી, કોંગ્રેસની આગેવાની હેઠળની યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ ૮૬૩૯ વોર્ડમાં આગળ છે, જેમાં ૧૭૩૩૭ ગ્રામ પંચાયત વોર્ડમાંથી ૭૦૦૮, ૨૨૬૭ બ્લોક પંચાયતમાંથી ૯૪૧, ૩૪૬ જિલ્લા પંચાયતમાંથી ૪૫, ૩૨૪૦ નગરપાલિકામાંથી ૧૪૫૮ અને ૪૨૧ કોર્પોરેશનમાંથી ૧૮૭ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.શાસક ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ ૫૭૪૭ વોર્ડમાં આગળ છે, જેમાં ૫૭૫૪ ગ્રામ પંચાયત, ૭૪૮ બ્લોક પંચાયત, ૨૦ જિલ્લા પંચાયત, ૧૧૦૦ નગરપાલિકા અને ૧૨૫ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ ૧,૭૭૩ વોર્ડમાં આગળ છે, જેમાં ૧,૩૦૬ ગ્રામ પંચાયતો, ૫૦ બ્લોક પંચાયતો, ૩૨૪ નગરપાલિકાઓ અને ૯૩ કોર્પોરેશનોનો સમાવેશ થાય છે, ભાજપે ૨૬૨ ગ્રામ પંચાયતો, એક બ્લોક પંચાયત, ૨૭૦ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૩૭ મ્યુનિસિપલ કોર્પોરેશનો જીતી છે.એનડીએનું પ્રદર્શન પાછલી ચૂંટણીઓની તુલનામાં સુધર્યું છે ભાજપે તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં સારું પ્રદર્શન કર્યું છે. ૧૦૧ માંથી ૫૦ બેઠકો જીતી છે.ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી આર. શ્રીલેખાએ તિરુવનંતપુરમના સસ્થામંગલમ વોર્ડમાંથી જીત મેળવી હતી. તેણે યુવા સીપીએમ ઉમેદવાર અમૃતાને હરાવ્યા. કોટ્ટાયમમાં

તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ એનડીએને મળેલો જનાદેશ કેરળના રાજકારણમાં એક ઐતિહાસિક ક્ષણ છે,વડાપ્રધાન

નવીદિલ્હી,

કેરળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતગણતરી થઈ ગઈ છે. તિરુવનંતપુરમમાં એનડીએએ ઐતિહાસિક જીત મેળવી છે.એનડીએની ઐતિહાસિક જીત બાદ વડાપ્રધાન મોદીની પ્રતિક્રિયા પણ સામે આવી છે. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને તિરુવનંતપુરમના લોકોનો આભાર માન્યો. તેમણે એલડીએફ અને યુડીએફ પર પણ નિશાન સાધ્યું.

મોદીએ એકસ પર લખ્યું, "આભાર તિરુવનંતપુરમ! તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ-દ્રઢછ ને મળેલો જનાદેશ કેરળના રાજકારણમાં એક ઐતિહાસિક ક્ષણ છે. લોકોને સંપૂર્ણ વિશ્વાસ છે કે ફક્ત અમારી પાર્ટી જ રાજ્યની વિકાસની આકાંક્ષાઓ પૂર્ણ કરી શકે છે. અમારી પાર્ટી આ જીવંત શહેરના વિકાસ અને લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા માટે કામ કરશે."

પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, "તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઉત્તમ પરિણામ સુનિશ્ચિત કરનારા તમામ મહેનતુ ભાજપ કાર્યકરોનો હું આભાર માનું છું. આજનો દિવસ કેરળના પાયાના કાર્યકરોની પેઢીઓની મહેનત અને સંઘર્ષને યાદ કરવાનો છે જેમણે આજના પરિણામને શક્ય બનાવ્યું. અમારા કાર્યકરો અમારી તાકાત છે અને અમને તેમના પર ગર્વ છે!"

કેરળ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની બીજી પોસ્ટમાં, પીએમ મોદીએ કહ્યું, "હું કેરળના તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું જેમણે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ અને એનડીએ ઉમેદવારોને મત આપ્યો. કેરળના લોકો યુડીએફ અને એલડીએફથી કંટાળી ગયા છે. તેઓ એનડીએને એકમાત્ર વિકલ્પ તરીકે જુએ છે જે સુશાસન પૂરું પાડી શકે છે અને બધા માટે તકો સાથે ઈવિકાસિતાકેરલમનું નિર્માણ કરી શકે છે."

તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એનડીએએ મોટી જીત નોંધાવી, કુલ ૫૦ બેઠકો જીતી.એલડીએફએ ૨૯ યુડીએફએ ૧૯ અને અન્ય બે બેઠકો જીતી. ૧૦૧ વોર્ડવાળા તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિજય માટે બહુમતીનો આંકડો ૫૨ છે. ભાજપ છેલ્લા ૧૦ વર્ષથી સત્તા સંભાળ્યા બાદ કેરળની રાજધાનીમાં શહેરી સંસ્થામાં ફરીથી સત્તા મેળવવાનું લક્ષ્ય રાખતો હતો.

બાબરી મસ્જિદની માંગ રાજ્યમાં બાંગ્લાદેશ બનાવવાના કાવતરાનો એક ભાગ છે : દિલીપ ઘોષ

મુખ્યમંત્રી મમતા બેનર્જી તરફથી "ભેટ" ગણાવી અને મુઘલ શાસક બાબરના નામ પર મસ્જિદનું નામ રાખવા પર પણ સવાલ ઉઠાવ્યા

કોલકતા,

પશ્ચિમ બંગાળ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતા દિલીપ ઘોષે આરોપ લગાવ્યો હતો કે બાબરી મસ્જિદની માંગ રાજ્યમાં 'બાંગ્લાદેશ બનાવવાના કાવતરા'નો એક ભાગ છે. તેમણે તેને મુખ્યમંત્રી મમતા બેનર્જી તરફથી "ભેટ" ગણાવી અને મુઘલ શાસક બાબરના નામ પર મસ્જિદનું નામ રાખવા પર પણ સવાલ ઉઠાવ્યા. ઘોષે કહ્યું, "જ્યારે દેશમાં ક્યાંય બાબરી મસ્જિદ નથી, તો બંગાળમાં તે કેમ બનાવવામાં આવી રહી છે? કારણ કે અહીં બાંગ્લાદેશ બનાવવાનું કાવતરું ચાલી રહ્યું છે, અને આ મમતા બેનર્જીની ભેટ છે. મસ્જિદ બનાવવી ખોટી નથી, પરંતુ તમે તેને બાબરના નામ પર કેમ બનાવી રહ્યા છો? બાબર એક જુલમી આક્રમણખોર હતો."

ભાજપ નેતાનું આ નિવેદન

એવા સમયે આવ્યું છે જ્યારે આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં રાજકીય તાપમાન વધી રહ્યું છે. અગાઉ, તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે જાહેરાત કરી હતી કે તેઓ આગામી ચૂંટણીઓમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની ટીએમસીને સીધી પડકારવા માટે ૨૨ ડિસેમ્બરે એક નવી રાજકીય પાર્ટી શરૂ કરશે. કબીર મુર્શિદાબાદમાં એક મસ્જિદ બનાવવા માંગે છે.

કબીરે કહ્યું, "હું ૨૨ ડિસેમ્બરે એક નવી પાર્ટીની જાહેરાત કરીશ. હું મમતા બેનર્જીની પાર્ટી સામે ઉમેદવાર ઉભા રાખીશ. જે પણ મુખ્યમંત્રી બનશે તેણે હુમાયુ કબીરનો ટેકો લેવો પડશે." ૬ ડિસેમ્બરે, કબીરે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે આ પગલું બંધારણીય છે અને ભારતીય બંધારણની કલમ ૨૬(છ) અનુસાર છે, જે દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ સ્થાપિત કરવા અને તેનું સંચાલન કરવાની મંજૂરી આપે છે. તેમણે કહ્યું, "હું કંઈપણ ગેરબંધારણીય નથી કરી રહ્યો. કોઈ મંદિર બનાવી શકે છે, કોઈ ચર્ચ બનાવી શકે છે, હું મસ્જિદ બનાવીશ. એવું કહેવામાં આવી રહ્યું છે કે આપણે બાબરી મસ્જિદ બનાવી શકતા નથી. આ ક્યાંય લખ્યું નથી."

આ દરમિયાન, ભાજપે મમતા બેનર્જી પર કબીરને મુસ્લિમોનું ધ્રુવીકરણ કરવાની મંજૂરી આપીને ધાર્મિક ધ્રુવીકરણને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો. રાજ્યના વિરોધ પક્ષે હુમાયુના સસ્પેન્શનમાં વિલંબ પર પણ સવાલ ઉઠાવ્યા. પાર્ટીએ કબીરના અગાઉના નિવેદનોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે દાવો કર્યો હતો કે જિલ્લામાં સિત્તેર ટકા મુસ્લિમ વસ્તી છે અને

ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીમાં થયો વધારો! વોશિંગ્ટનથી કેલિફોર્નિયા સુધીના ૧૯ રાજ્યોએ કોર્ટનો સંપર્ક કર્યો

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી એચ-૧બી વિઝા અરજીઓ માટેની ફી વધારીને ૧૦૦,૦૦૦ કરવાના નિર્ણયથી મોટો વિવાદ થયો

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સમાં એચ-૧બી વિઝા પર રાજકીય અને કાનૂની લડાઈ વધુ તીવ્ર બની છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી એચ-૧બી વિઝા અરજીઓ માટેની ફી વધારીને ૧૦૦,૦૦૦ કરવાના નિર્ણયથી મોટો વિવાદ થયો છે. કેલિફોર્નિયાના નેતૃત્વ હેઠળના ઓગણીસ યુએસ રાજ્યોએ હવે આ નિર્ણય સામે કોર્ટમાં અપીલ કરી છે, જેનાથી ટ્રમ્પ વહીવટીતંત્રની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

કેલિફોર્નિયાના એટર્ની જનરલ રોબ બોન્ટાના નેતૃત્વ હેઠળની અરજીમાં જણાવાયું છે કે ટ્રમ્પ વહીવટીતંત્રનો આ નિર્ણય માત્ર ગેરકાયદેસર જ નથી પણ ફેડરલ કાયદાનું પણ ઉલ્લંઘન કરે છે. રાજ્યોનો આરોપ છે કે વહીવટીતંત્રે વહીવટી પ્રક્રિયા

અધિનિયમને બાયપાસ કર્યો છે અને કોંગ્રેસની મંજૂરી વિના આ પગલું ભર્યું છે, જે તેના અધિકારક્ષેત્રની બહાર છે.

આ અરજીમાં દલીલ કરવામાં આવી છે કે એચ-૧બી વિઝા કાર્યક્રમ યુએસ અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા ક્ષેત્રો, જેમ કે ટેકનોલોજી, આરોગ્યસંભાળ અને શિક્ષણ માટે મહત્વપૂર્ણ છે. આ ક્ષેત્રોમાં કામ કરતા હજારો વિદેશી વ્યાવસાયિકો આ વિઝા પર આધાર રાખે છે. ફી ૯૬૦ થી ૭૫૯૫ થી ઈ૧૦૦,૦૦૦ સુધી વધારવાથી જાહેર નોકરીદાતાઓ અને ખાનગી કંપનીઓ પર નોંધપાત્ર નાણાકીય બોજ પડશે. આનાથી આવશ્યક સેવાઓમાં નોંધપાત્ર શ્રમની અછત સર્જાઈ શકે છે.

રોબ બોન્ટાએ જણાવ્યું હતું કે કેલિફોર્નિયા જેવી અર્થવ્યવસ્થા, જે વિશ્વની ચોથી સૌથી મોટી ગણાય છે, તે વૈશ્વિક પ્રતિભાના ટેકા પર ખીલે છે. તેથી, એચ-૧બી વિઝાને વધુ મોંઘા બનાવવા એ રાજ્યના અર્થતંત્ર અને સામાન્ય જનતા બંનેના હિતની વિરુદ્ધ છે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ વધેલી ફી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ પછી દાખલ કરાયેલી નવી અરજીઓ પર લાગુ થશે, છતાં ભવિષ્યમાં તેની અસર વધુ ઘેરી થવાની ધારણા છે.

કેલિફોર્નિયા ઉપરાંત, ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરતા રાજ્યોમાં ન્યૂ યોર્ક, મેસેચ્યુસેટ્સ, ન્યુ જર્સી, વોશિંગ્ટન, ઈલિનોઇસ, એરિઝોના, કોલોરાડો, કનેક્ટિકટ, હવાઈ, મેરીલેન્ડ, મિશિગન, મિનેસોટા, નેવાડા, ઉત્તર કેરોલિના, ઓરેગોન, રોડ આઈલેન્ડ, વર્મોન્ટ અને વિસ્કોન્સિનનો સમાવેશ થાય છે.

તંત્રએ ૩૫ સ્કૂલોને સીલ મારતા અમદાવાદના હજારો બાળકોનું શિક્ષણ બગડ્યું : વાલીઓ મુઝવણમાં

અમદાવાદ,

અમદાવાદમાં તંત્ર અને સ્કૂલ સંચાલકોની બેદરકારીના કારણે હજારો બાળકોનું ભણતર અટક્યું હોવાનું સ્થિતિ ઊભી થઈ છે. વાસ્તવમાં તાજેતરમાં જ મેટ્રો સિટી અમદાવાદમાં તંત્રને અચાનક બ્રહ્મજ્ઞાન થતાં જરૂરી બીયુ પરમિશન અને ફાયર એનઓસી વગર ચાલી રહેલી ૩૫ પ્રિ-પ્રાઇમરી અને હાયર સેકન્ડરી સ્કૂલોને મહાનગરપાલિકાએ સીલ કરી છે. જોકે આ નિર્ણયથી ખાસ કરીને નાના બાળકોનું ભણતર વચ્ચે અટકી ગયું છે તો તેમના વાલીઓ પણ ભારે મૂંઝવણમાં મુકાયા છે.

આપણે ત્યાં એક કહેવત છે કે, "આગ લાગ્યા બાદ કૂવો ખોદવા બેસવું" બસ આ જ પ્રકારની સ્થિતિનું નિર્માણ અહીં થયું છે. વિગતો મુજબ મેટ્રો સિટી અમદાવાદમાં લાંબા સમયથી નિયમોનું પાલન કર્યા વગર સ્કૂલો ચાલી રહી હતી, પરંતુ તંત્ર દ્વારા સમયસર તપાસ ન કરાતા મામલો ગંભીર બન્યો છે. જોકે હવે જ્યારે કાર્યવાહી થઈ છે ત્યારે તેની સીધી અસર બાળકોના શિક્ષણ પર પડી છે.

અમદાવાદ મહાપાલિકાએ એક અઠવાડિયામાં જ બીયુ પરમિશન ન હોવાના કારણસર ૩૫ સ્કૂલોને સીલ મારી છે. જેના કારણે ૮૫૦થી વધુ પ્રિ-સ્કૂલના બાળકો સહિત હજારો વિદ્યાર્થીઓ હાલ ભણતરથી વંચિત થયા છે. સ્કૂલ બંધ થતાં વાલીઓ માટે બાળકોને ક્યાં ભણાવવા તે મોટો પ્રશ્ન બની ગયો છે.

અમરિંદર સિંહે ભાજપના કેન્દ્રિય નિર્ણયો પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો,કોંગ્રેસમાં પાછા આવી શકે છે?

ચંડીગઢ,

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીમાં લગભગ તમામ નિર્ણયો દિલ્હીથી લેવામાં આવે છે. મારી સલાહ લેવામાં આવતી નથી. મારા સિવાય, કોઈપણ નિર્ણય પર પાયાના નેતાઓની સલાહ લેવામાં આવતી નથી. તેમણે કોંગ્રેસમાં પાછા ફરવાના પ્રશ્નનો પણ જવાબ આપ્યો. જોકે, ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ વડા પ્રધાન મોદીની પ્રશંસા કરતા કહ્યું કે પીએમ મોદીને પંજાબ પ્રત્યે ખાસ પ્રેમ છે અને તેઓ રાજ્ય માટે કંઈ પણ કરશે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કોંગ્રેસ પાર્ટીમાં પાછા ફરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે પાર્ટીમાં પાછા ફરવું હવે અશક્ય છે. કારણ કે તેમને મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવામાં આવેલા રીતથી તેઓ હજુ પણ દુઃખી છે, તેથી કોંગ્રેસમાં જોડાવાનો પ્રશ્ન જ નથી.

જોકે, તેમણે કહ્યું કે જો કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી તેમની મદદ માંગે, તો તેઓ હંમેશા તેમને મદદ કરશે, પરંતુ "હું રાજકીય રીતે મદદ કરી શકતો નથી."

અમરિન્દર સિંહે કહ્યું કે ભાજપના ટોચના નેતૃત્વ કરતાં કોંગ્રેસ હાઈકમાન્ડને મળવું સરળ હતું. તેમણે કહ્યું કે કોંગ્રેસે તેના નેતાઓની સલાહ લીધી અને તેની સિસ્ટમ વધુ લોકશાહી હતી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પણ પ્રશંસા કરતા કહ્યું કે તેમને "પંજાબ પ્રત્યે ખાસ પ્રેમ" છે અને તેઓ રાજ્ય માટે કંઈ પણ કરશે.

સિંહે કહ્યું કે ભાજપ પોતાના નિર્ણયો જાહેર કરતી નથી અને દિલ્હીમાં બધા નિર્ણયો પાયાના નેતાઓ સાથે ચર્ચા કર્યા વિના લેવામાં આવે છે. ભાજપ તેમની સાથે સલાહ નથી લઈ રહી. મારી પાસે ૬૦ વર્ષનો રાજકીય અનુભવ છે, પરંતુ હું મારી જાતને તેમના પર લાદી શકતો નથી.રાજ્ય કોંગ્રેસ એકમમાં આંતરિક ઝઘડા બાદ અમરિન્દર સિંહે સપ્ટેમ્બર ૨૦૨૧ માં મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું. કોંગ્રેસના ચરણજીત સિંહ ચન્ની મુખ્યમંત્રી બન્યા પછી, તેમણે પાર્ટી છોડી દીધી અને એક નવી પાર્ટી બનાવી. જોકે, તે પછીથી ભાજપમાં ભળી ગઈ.

નવજોત કૌર સિદ્ધુના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કે જે કોઈ ?૫૦૦ કરોડ ભરેલી સુટકેસ આપે છે તે પંજાબમાં મુખ્યમંત્રી બને છે, અમરિન્દર સિંહે નવજોત સિંહ સિદ્ધુ અને તેમની પત્નીને અસ્થિર ગણાવ્યા અને સિદ્ધુને રાજકારણ છોડીને ક્રિકેટ કોમેન્ટ્રી પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે ભાજપ પંજાબમાં ત્યારે જ મજબૂત બની શકે છે જો તે શિરોમણી અકાલી દળ સાથે હાથ મિલાવે.

ઉત્તરાખંડના ખાટીમામાં યુવકની હત્યા બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ દુકાનોમાં આગ લગાવી

ખાટીમા

ઉત્તરાખંડના ખાટીમામાં એક યુવકની હત્યા બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ હોબાળો મચાવ્યો. ગુસ્સે ભરાયેલા લોકોએ હુમલાખોરોની દુકાનમાં આગ લગાવી દીધી, જેના કારણે ઘટનાસ્થળે અરાજકતા ફેલાઈ ગઈ. ઘટનાસ્થળે તણાવને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે કલમ ૧૬૩ લાગુ કરી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પોલીસ દળોને ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યા છે. વહીવટીતંત્ર વિસ્તારમાં શાંતિ જાળવવાના પ્રયાસો કરી રહ્યું છે. પોલીસનું કહેવું છે કે આ કેસની તપાસ ચાલી રહી છે અને આરોપીઓની શોધ ચાલી રહી છે. અહેવાલો અનુસાર,ખાટીમા રોડવેઝ સંકુલમાં બે જૂથો વચ્ચે થયેલી ઝઘડો હિંસક ઝઘડામાં ફેરવાઈ ગયો. ઝઘડા દરમિયાન થયેલી છરીના ઘાથી ૨૩ વર્ષીય તુષાર શર્માનું મોત થયું હતું, જ્યારે બે અન્ય યુવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને ઉચ્ચ કક્ષાના સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે કારણ કે તેમની હાલત ગંભીર છે. ઘટના બાદ ખાટીમા વિસ્તારમાં તણાવપૂર્ણ વાતાવરણ છે. તુષાર શર્માના મૃત્યુના સમાચાર ફેલાતા જ પરિવારના સભ્યો અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ ફેલાયો હતો. શનિવારે બજરંગ દળના સભ્યો સહિત ગુસ્સે ભરાયેલા લોકોએ રોડવેઝ સંકુલમાં સ્થિત હુમલાખોરોની દુકાનને આગ ચાંપી દીધી હતી. બજરંગ દળના જિલ્લા કન્વીનર હિમાંશુએ ઘટના પર કડક વલણ અપનાવતા કહ્યું હતું કે જો હુમલાખોરોની ટૂંક સમયમાં ધરપકડ નહીં કરવામાં આવે તો હિંસક વિરોધ કરવામાં આવશે.

રાજ્યસભાના સાંસદે માનહાનિ અંગે અદાલતમાં ૧૦૦ કરોડનો દાવો નોંધાવતાં ખળભળાટ

તમામ સોશિયલ મિડીયા સહિતના પ્લેટફોર્મ પરથી સાંસદ પરિમલ નથવાણીની વિવાદીત પોસ્ટ દૂર કરવા અદાલતનો આદેશ

જામનગર : રાજ્યસભાના સાંસદ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના ડાયરેક્ટ પરિમલભાઈ નથવાણી, કે જેઓ પર છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા ના માધ્યમ થી વિવાદિત પોસ્ટ કરવામાં આવી રહી છે, જેને લઈને પોતાની જાહેરમાં બદનક્ષી કરવા બદલ અદાલતનું શરણ લીધું છે, અને આવી પોસ્ટ મૂકનાર

તમામ સામે ૧૦૦ કરોડનો માનહાની નોં દાવો નોંધાવ્યો છે, જેમાં હાલના તબક્કે અદાલત દ્વારા તાત્કાલિક અસરથી તમામ વિવાદિત પોસ્ટને દૂર કરી નાખવાનો આદેશ કર્યો છે.

રાજ્યસભાના સંસદસભ્ય અને રિલાયન્સના કંપનીના ડાયરેક્ટ પરિમલભાઈ નથવાણી કે જેઓ સામે છેલ્લા કેટલાક સમયથી કંપનીના નામ સહિતની કેટલીક વિવાદિત પોસ્ટ મૂકવામાં આવી છે, અને તેઓની જાહેરમાં માનહાની થાય તે પ્રકારના કેટલાક સંવાદ વગેરે સાથેની પોસ્ટ સોશિયલ મીડિયામાં વહેતી કરવામાં આવી રહી છે, જેના કારણે પોતાની બદનક્ષી અને માનહાની થઈ રહી છે, તે બાબતે અદાલતનું શરણ લીધું હતું, અને તેઓએ કોઈ પણ પ્રકારની પાયા વિહોણી પોસ્ટ વહેતી કરનાર તમામ સામે ૧૦૦ કરોડનો માનહાની નો દાવો દાખલ કર્યો છે. જેઓ દ્વારા દાખલ કરાયેલા ૧૦૦ કરોડના માનહાનિના દાવામાં, અદાલતે ૪૮ કલાકની અંદર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તેમના વિરુદ્ધ તમામ માનહાનિકારક સામગ્રી તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો છે.

સાંસદ પરિમલભાઈ નથવાણી એ સનાતન સત્ય સમાચાર, સંજય ચેતરિયા, ધ ગુજરાત રિપોર્ટ, મયુર જાની, હિમાંશુ ભાયાણી, દિલીપ પટેલ અને ભાવિન ઉર્ફે બન્ની ગજેરા સામે પોતાના વિશે ખોટી અને માનહાનિકારક સામગ્રી ફેલાવવા બદલ ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે.

ગઈકાલે શુક્રવારે અદાલતે આ દાવા ના પ્રકરણ માં સંડોવાયેલા તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓને નોટિસ અને સમન્સ જારી કર્યા છે. કોર્ટે તેઓના વિરુદ્ધ કરવામાં આવેલી બધી માનહાનિકારક પોસ્ટ તાત્કાલિક દૂર કરવાનો પણ આદેશ આપ્યો છે, જેનાથી તેમને વચગાળાનું રક્ષણ મળ્યું છે.

તેઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી ટ્વિટ કરીને જણાવ્યું છે કે હું મારી પ્રામાણિકતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છું, અને પાયાવિહોણા આરોપોને જનતાને ગેરમાર્ગે દોરવા કે મારી પ્રતિષ્ઠાને કલંકિત થવા દઈશ નહીં. સત્ય માટે ઊભા રહેવામાં મને ટેકો આપનારા દરેકનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. તેમ પણ તેઓએ ટ્વિટ કરીને જણાવ્યું છે.